મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ની પ્રસ્તુતિ . . .

# દૂધસાગર પત્રિકા

Dudhsagar The Pride of India

Amul The Taste of India

અંક : 1 I વર્ષ - 6 I ઓગષ્ટ - 2026 (સળંગ અંક : 61) www.dudhsagardairy.coop twitter.com/dudhsagardairy dudhsagardairyofficial youtube.com/c/DudhsagardairyCoop




- બાર દૂધાળાં પશુયોજના હેઠળ 200 પશુપાલકોને મંજૂરીપત્રો એનાયત થયા
- ગામે - ગામ અમૂલ પાર્લરનો શુભારંભ યથાવત
- જાગૃત પશુપાલક, સુરક્ષિત પશુધન !

## આપણામાંથી કોઈ પાછળ ના રહી જાય તેવો...

# સહિયારો સાગર સંકલ્પ

# 12 દૂધાળાં પશુ યોજના હેઠળ બીજા તબક્કામાં સાગરને આંગણે 200 પશુપાલકોને મંજૂરીપત્રો એનાયત કરાયા

મહેસાણા દૂધસાગર ડેરીનું સમગ્ર તંત્ર હાલમાં, ડેરીના કાર્યક્ષેત્રમાં વધુમાં વધુ દૂધ ઉત્પાદન થાય તે દિશામાં તનતોડ મહેનત કરી રહ્યું છે. વિસ્તારમાં વધુમાં વધુ લોકો દૂધાળાં જાનવર રાખતા થાય અને આ વ્યવસાયમાં પ્રાણ ફૂંકાય તે માટે ગુજરાત સરકાર - દૂધસાગર ડેરી અને મહેસાણા ડિસ્ટ્રીક્ટ બેંકના સંયુક્ત ઉપક્રમે પશુપાલકોને બાર દૂધાળાં પશુયોજના હેઠળ વ્યાજ સહાય સાથે લોન આપવામાં આવી રહી છે ત્યારે, આ બાબતમાં પશુપાલકોને દૂધસાગર ડેરીનું CS અને વેટરનરી વિભાગ સાથે રહીને પશુપાલકોને માર્ગદર્શન આપી લોન અંગેની સંપૂર્ણ કાર્યવાહી સાથે મળીને પૂર્ણ કરાવી તેમને મંજૂરી પત્રો સુપ્રત કરવાનો દૂધસાગર ડેરીમાં એક પ્રકારનો આનંદનો અવસર ચાલી રહ્યો છે. ગત તા. ૧૩ જૂલાઈના રોજ ૨૦૦ પશુપાલકોને - બીજા તબક્કામાં સંસ્થાના ચેરમેનશ્રી અશોક ચૌધરીની અધ્યક્ષતામાં મંજૂરી પત્રોનું વિતરણ કરવામાં આવ્યું. અહીં, નોંધનીય છે કે ; દૂધસાગર ડેરીના મંચ પરથી બે તબક્કામાં યોજાયેલ આ પશુલોન યોજનાનો સૌથી વધુ લાભ યુવાન પશુપાલકોએ લીધો છે. જે આ વ્યવસાય માટે ભવિષ્યનો શુભ સંકેત માનવામાં આવી રહ્યો છે.



આ લોન કાર્યવાહી માટે સંસ્થા દ્વારા ONE WINDOW FACILITY (એક જ સ્થળે) સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવતાં દૂધસાગર ડેરીના ઈતિહાસમાં એક સાથે લગભગ ૧૨૦૦ તબેલાઓની લોન મંજૂર કરાવવાનો લક્ષ્યાંક નિર્ધારીત કરવામાં આવ્યો છે. અગાઉ, આ યોજનામાં ₹.૭,૨૦,૦૦૦ લોન ઉપર વ્યાજ સહાય મળતી હતી જે સરકારશ્રીએ આ વર્ષે ₹.૯,૬૦,૦૦૦ કરેલ છે. જેના કારણે આ આખી યોજનામાં લાભાર્થીને કુલ સહાય અંદાજિત ₹.૪,૦૦,૦૦૦ જેટલી મળશે. બીજા તબક્કાના આ મંજૂરીપત્ર વિતરણ સમારોહમાં સંસ્થાના વડાશ્રી અશોકભાઈ ચૌધરીએ પશુપાલકો સાથે સંવાદ સાધતાં જણાવ્યું કે સેક્સ સિમેન ડોઝ અને એમ્બ્રિયો ટ્રાન્સફર જેવી વૈજ્ઞાનિક પદ્ધતિઓ અપનાવી સમગ્ર વિસ્તારને ઓછા પશુએ-ઓછા ખર્ચે વધુ દૂધ ઉત્પાદન તરફ સમગ્ર ડેરીના કાર્યક્ષેત્રને લઈ જવાનું બધાએ સાથે મળી સપનું સાકાર કરવાનું છે.

**દૂધસાગર ડેરીના કાર્યક્ષેત્રમાંથી વર્તમાન સમયે 1600 થી વધુ તબેલાઓ ની લોનની અરજીઓ થઇ છે જે ગુજરાતમાં સૌથી વધુ હોવાની શક્યતા ધરાવે છે**



# સિધ્ધ થયો શબ્દ
# સાર્થક થયો પ્રયાસ

**જ્યાં - જ્યાં દૂધ મંડળી, ત્યાં - ત્યાં અમૂલ પાર્લર**

## ગામે ગામ અમૂલ પાર્લરનો શુભારંભ










**Amul | SAGAR | Sahyog**

દૂધસાગર ડેરી તથા અમૂલના કર્તવ્યનિષ્ઠ ચેરમેનશ્રી અશોકભાઈ ચૌધરી આપણી ડેરીના કાર્યક્ષેત્રમાં આવતી તમામ ગ્રામીણ દૂધ મંડળીઓ ઉપર અમૂલ પાર્લર શરુ થાય અને ગ્રામીણ અર્થતંત્રને વેગ મળે તે દિશામાં અમૂલ પાર્લર શુભારંભના પ્રથમ તબક્કે ૨૦૦ અમૂલ પાર્લર શરુ કરવાનો સંકલ્પ ધરાવે છે. આ સંકલ્પને સાકાર કરવાના ભાગરુપે તાજેતરમાં તેમના વરદ હસ્તે માણસા વિભાગના - મકાખાડ અને મહુડી, ચાણસ્મા વિભાગના ભાટસર, ધીણોજ અને સદુથલા ખાતે તથા બેચરાજી તાલુકાના બેચર ગામે અને કડી તાલુકાના મેડા આદરજ, અબોલ, બાબજીપુરા, ઝુલાસણ, રાજપુર અને બુડાસણ અને સમી તાલુકાના ભામાથળ, પાટણ જિલ્લાના વાગોસણ અને બાસ્પા ખાતે અમૂલ પાર્લરોનો શુભારંભ કરી મંડળીને તેનો વહિવટ સુપ્રત કરવામાં આવ્યો.

ગામડાઓ સુધી પોષણ, ગુણવત્તા અને વિશ્વાસ પહોંચાડવાની સાથે આ પાર્લરો દૂધ ઉત્પાદકોની આવકમાં વધારો કરી તેમની આત્મનિર્ભરતા ને વધુ મજબૂત બનાવશે.

વિવિધ સ્થળોએ યોજાયેલા આ અમૂલ પાર્લર શુભારંભમાં પોત - પોતાના વિસ્તારનું પ્રતિનિધીત્વ નિભાવતાં અશોકભાઈ ચૌધરી સાથે વિવિધ સમયે વાઈસ ચેરમેનશ્રી દશરથ ભાઈ પટેલ, નિયામક મંડળના સભ્ય શ્રી એન.ડી. ચૌધરી, શ્રીમતી જશીબેન દેસાઈ, શ્રી અમરતભાઈ દેસાઈ, APMC કડીના ચેરમેનશ્રી ગોવિંદભાઈ પટેલ, મહેસાણા મહાનગર પાલિકાની બાંધકામ સમિતિના ચેરમેન શ્રી નિલયભાઈ ઓઝા, દૂરડાના ડિરેક્ટર શ્રી રામભાઈ પટેલ, રાધનપુરના ધારાસભ્ય શ્રી લવિંગજી ઠાકોર, નિયામક મંડળના સભ્ય શ્રીમતી ગીતાબેન ભરવાડ, ગોવિંદભાઈ ભરવાડ, બફેલો બોર્ડના ડિરેક્ટર શ્રી નરસિંહભાઈ ચૌધરી અને દૂરડાના ડિરેક્ક્ટર શ્રી રમેશભાઈ જાદવ સહિત પૂર્વ ડિરેક્ટરશ્રીઓ, સ્થાનિક ભાજપના હોદ્દેદારો, નગર પાલિકા પ્રમુખ/સરપંચશ્રીઓ, દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓના હોદ્દેદારો, વિસ્તારના અગ્રણીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનોએ ઉપસ્થિત રહી તમામ શુભારંભોને ગૌરવશાળી બનાવ્યા હતા.

**સ્થાનિક દૂધ મંડળીઓ અમૂલ પાર્લરનું સંચાલન કરી - આર્થિક રીતે સક્ષમ બનશે. જેનો સીધો લાભ દૂધ ઉત્પાદક સભાસદને થશે અને ગામડાઓના નાગરિકોને અમૂલ તથા સહયોગના શુધ્ધ ઉત્પાદનો મળી રહેશે**

# 53 મો સ્થાપના દિન અને આપણા અશોકભાઈનું સફળ એક વર્ષ

# 1 લાખ કરોડના ટર્નઓવરથી અમૂલે રચ્યો નવો ઉત્કર્ષ

તા.૨૨ જૂલાઈ - ૨૦૨૫ અને મંગળવારના રોજ વર્ષ ૧૯૭૩ થી ચાલી આવતી GCMMF ની ઉત્તમ પરંપરા અનુસાર "ઈલેક્શન નહી પણ સૌની સંમતિથી - સિલેક્શન " પ્રક્રિયાને જીવંત રાખતાં રાજ્યની તમામ ડેરી સંઘોના ચેરમેનશ્રીઓની ઉપસ્થિતી વચ્ચે આપણી પવિત્ર સંસ્થા દૂધસાગર ડેરીના સારથી શ્રી અશોકભાઈને GCMMF ના નવા સુકાની બનાવવામાં આવ્યા હતા. આજે જ્યારે આ લેખ લખાઈ રહ્યો છે ત્યારે , તા.૨૨ જૂલાઈ ૨૦૨૬ નો દિવસ છે ત્યારે









અમૂલના ચેરમેન તરીકે અશોકભાઈ ચૌધરીના આ એક વર્ષની યાત્રાનું અવલોકન કરીએ. ઇ.સ. ૧૯૭૩ માં ગુજરાત સ્ટેટ કો.ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન (GCMMF) એટલે કે, અમૂલ સ્થાપના કરવામાં આવી હતી. અશોકભાઈ ચૌધરી ના ચેરમેન પદ હેઠળ તાજેતરમાં અમૂલે પોતાના ૫૩ મા વર્ષની સ્થાપના દિવસની ઉજવણી કરી. અશોકભાઈ ચૌધરી GCMMF ના સાતમા ચેરમેન તરીકે પોતાની જવાબદારીનું વહન કરી રહ્યા છે. વર્ષ ૨૦૨૩-૨૪ માં અમૂલ દ્વારા રુપિયા ૮૦ હજાર કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. જે વર્તમાન વર્ષ ના ૩૧ માર્ચ ૨૦૨૬ ના પૂરા થતા હિસાબી વર્ષને અંતે અશોકભાઈના કાર્યકાળ દરમ્યાન અમૂલ બ્રાન્ડનું કુલ ટર્નઓવર ૧ લાખ કરોડના કદાવર આંકડાને પાર કરી ચૂક્યું છે. ગુજરાતના ૨૧ દૂધસંઘો પાસેથી દરરોજ ૩૧૧ કરોડ લિટર દૂધ સંપાદન કરનાર અમૂલ પાસે ૧૨૦૦ થી વધુ દૂધ ઉત્પાદનોનો પોર્ટફોલીયો અને દેશ તથા વિદેશ વ્યાપી મજબૂત સપ્લાય ચેન છે. ૩૬ લાખ પશુપાલકો - એમાંય - સૌથી વધુ મહિલાઓ જે અમૂલ સાથે જોડાયેલ છે તેમને









GCMMF 80% નફાના ભાગીદાર બનાવે છે. અમૂલના ચેરમેન તરીકે શ્રી અશોક ચૌધરી સમગ્ર વર્ષ દરમ્યાન ખૂબ જ કાર્યરત રહ્યા છે. અને વર્ષ દરમ્યાન અમૂલ ના વાઈસ ચેરમેન શ્રી ગોરધનભાઈ ધામેલીયા સાથે અનેક પ્રવાસો કરી અમૂલના વિસ્તરણને વધુ મજબૂત કરવા જમ્મુ કશ્મીર અને લદાખ જેવા દૂર્ગમ સ્થાનોમાં આ મોડલને પ્રસ્થાપિત કરવા જહેમત ઉઠાવી રહ્યા છે. દેશના સહકાર મંત્રી શ્રી અમિત શાહના માર્ગદર્શનને અમૂલ સંપુર્ણ રીતે સમર્પિત બનીને તેનો અમલ કરે તથા સહકારના માધ્યમથી દેશનું સશક્તિકરણ થાય તે માટે તેઓ મજબૂત ઈચ્છા શક્તિથી દૂધસાગરની સાથે અમૂલને પણ સમર્પિત બનીને કાર્ય કરી રહ્યા છે. તેમના વહિવટ દરમ્યાન




અમૂલ દ્વારા અનેક નવા કિર્તીમાનો સ્થાપિત કરવામાં આવ્યા છે. તાજેતરમાં; વર્ષ ૨૦૨૬ ના Brand Finance UK - India 100 ના અહેવાલમાં ભારતની નંબર -૧ બ્રાન્ડ તરીકે અમૂલે પોતાનું સ્થાન જાળવી રાખ્યું છે. અને, અમૂલના ઈતિહાસનું સૌથી મોટુ ટર્ન ઓવર કરી વૈશ્વિક નામના પ્રાપ્ત કરી છે.

**Top 5 Indian Food Brands 2026**

| | | | |
|---|---|---|---|
| 1 | Amul The Taste of India | $ 5.0 bn | +22% ↑ |
| 2 | Mother Dairy | $ 1.4 bn | +22% ↑ |
| 3 | Britannia | $ 1.3 bn | +17% ↑ |
| 4 | Nandini | $ 1.1 bn | +4% ↑ |
| 5 | Tata Consumer Products | $ 1.0 bn | -6% ↓ |

નજીકના ભવિષ્યમાં અમૂલ નવા બજારો, નવા ઉત્પાદનો, દૂધ પ્રોસેસિંગની ક્ષમતામાં વધારો અને જ્યુસ, જામ અને સોસ જેવા ઉત્પાદનો સાથે પ્રાકૃતિક ખેત પેદાશોને પીઠબળ આપવાનું મજબૂત લક્ષ ધરાવે છે.

દેશના માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ હેઠળ સ્થાપિત થયેલ સહકાર મંત્રાલયના કેન્દ્રિય મંત્રીશ્રી માનનીય અમિતભાઈ શાહના માર્ગદર્શન મુજબ સહકારી ક્ષેત્રમાં અમૂલ મોડલને સંપૂર્ણ ભારતમાં સ્થાપિત કરી અનેક વિવિધ ક્ષેત્રોમાં જેમ કે ; સહકારીતાના ધોરણે તાજેતરમાં શરુ થયેલ BHARAT - TAXI જેમ અનેક નવા ક્ષેત્રો સર કરવા અમૂલ અશોક ચૌધરીની આગેવાનીમાં સંપૂર્ણ રીતે પોતાના સમય અને શક્તિનો સદઉપયોગ કરી રહી છે.

આ અંગે વાત કરતાં અમૂલના ચેરમેન શ્રી અશોકભાઈ ચૌધરીએ જણાવ્યું કે ; અમૂલએ સ્વ. ત્રિભુવનદાસ પટેલ અને ભારત રત્ન સ્વ. ડો.વર્ગીસ કુરિયન જેવા મહાન લોકો દ્વારા સ્થાપિત થયેલા સંસ્કારોની ધરોહર ધરાવતી સંસ્થા છે જે સમગ્ર ભારતના સાત્વિક સ્વાદનું વિશ્વમાં પ્રતિનીધિત્વ કરે છે ત્યારે તેના ચેરમેન પદે હોવું એ ખૂબ મોટી નિતિમત્તા સાથે નિભાવવાની ગંભીર જવાબદારી છે. અને લાખો પશુપાલક મહિલાઓને આત્મ સન્માન આપતી આ સંસ્થા શ્રી અમિતભાઈ શાહની આગેવાનીમાં સમગ્ર દેશની સેવા કરવા તત્પર છે. ઉલ્લેખનીય છે કે ; અમૂલને આજ સુધીમાં વિશ્વના અનેક સન્માનપાત્ર એવોર્ડસ મળવા પામ્યા છે જેમાં ૧૯૯૯ માં બેસ્ટ ઓફ ઓલ કેટેગરી માટે રાજીવ ગાંધી નેશનલ ક્વોલિટી એવોર્ડ, ૨૦૦૨ માં બિઝનેશ વિશ્વ મોસ્ટ રિસ્પેક્ટેડ કંપની એવોર્ડ, ૨૦૦૭ માં ઈન્ટરનેશનલ ડેરી ફેડરેશન માર્કેટીંગ એવોર્ડ, ૨૦૧૩ માં AIMA - RK સ્વામી હાઈપર્ફોન્સસ બ્રાન્ડ એવોર્ડ, ૨૦૧૪ વિશ્વ ડેરી ઈનોવેશન એવોર્ડ અને વર્ષ ૨૦૨૬ માં આપણા અશોકભાઈની રાહબરી હેઠળ અમૂલ ભારતની સૌથી મુલ્યવાન બ્રાન્ડ તરીકે CRI SIL માં મજબૂત મુકામે ઉભી છે જે દૂધસાગરના તમામ સભાસદો માટે ગૌરવપૂર્ણ બાબત છે.



## દૂધસાગર ડેરી તથા રિસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ એસોસિએશન (દૂરડા) ની બેઠક યોજાઈ

દરેક મહિને નિયમીત રીતે દૂધસાગર ડેરીના અધ્યક્ષ સ્થાને અશોકભાઈ ચૌધરીના શિર્ષ સ્થાને તાજેતરમાં યોજાયેલી આ બંને બેઠકોમાં અમૂલ ફેડરેશનના મેનેજીંગ ડિરેક્ટર શ્રી જયેનભાઈ મહેતા તેમજ નિયામક મંડળના તમામ સભ્યોની ઉપસ્થિતિમાં ડેરીની વર્તમાન કામગીરી, મહત્વપૂર્ણ નિર્ણયો, વિવિધ વિકાસલક્ષી પ્રકલ્પો અને આગામી આયોજન અંગે વિસ્તૃતમાં ચર્ચા વિચારણા કરવામાં આવી તેની એક સમૃદ્ધ ઝલક કેમેરાની નજરે ...

# સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના વરદહસ્તે કોલકત્તામાં અમૂલના વિશ્વના સૌથી મોટા દહીં પ્લાન્ટનો શિલાન્યાસ થયો



તા. ૧૯ જૂલાઈના રોજ પશ્ચિમ બંગાળના કોલકત્તા ખાતે કેન્દ્રિય ગૃહ અને સહકાર મંત્રી માન.શ્રી અમિતભાઈ શાહ ના વરદ હસ્તે વિશ્વની સૌથી મોટી સહકારી સંસ્થા અમૂલના વિશ્વના સૌથી મોટા દહીં ઉત્પાદન પ્લાન્ટ સાહસનો શિલાન્યાસ થયો. માન.શાહ સાહેબની દીર્ઘદ્રષ્ટિથી અમૂલના વિવિધ સાહસોના લાભ હવે ભારતના એ તમામ રાજ્યોને મળી રહ્યો છે અને સર્વદિશાએથી શ્વેતક્રાંતિ મજબૂત બની રહી છે તેવો વિશ્વાસ આ તબક્કે અમૂલના ચેરમેનશ્રી અશોકભાઈ ચૌધરીએ વ્યક્ત કર્યો હતો.

## કોલકત્તાના મુખ્યમંત્રી સાથે મુલાકાત



પોતાના પશ્ચિમ બંગાળના પ્રવાસ દરમ્યાન શ્રી અશોકભાઈ ચૌધરીએ કોલકત્તા ખાતે રાજ્યના મુખ્યમંત્રી તરીકેની જવાબદારી વહન કરનાર શ્રી શુવેન્દુ અધિકારીજી સાથે ચૂંટણી પછી પ્રથમ મુલાકાત કરી ચૂંટણી સમયના સંઘર્ષના દિવસોને યાદ કરી પશ્ચિમ બંગાળ સહિત દેશ ભરમાં સહકારી ક્ષેત્રના સર્વાંગી વિકાસ અને અને અમુલના વ્યાપ થકી રાજ્યમાં ખેડૂત અને પશુપાલકોને આત્મનિર્ભર બનાવવાના રોડમેપ અંગે ખૂબ જ ફળદાયી ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

## NAFED અને IFFCO સાથે AMUL ની અમૂલ્ય મુલાકાત

## જેઠાભાઈ આહિર અને દિલીપભાઈ સંઘાણી સાથે અશોકભાઈ ચૌધરીનું આત્મીય મિલન





નવી દિલ્હી ખાતે અશોકભાઈ ચૌધરીએ નાફેડના ચેરમેનશ્રી જેઠાભાઈ આહીર અને વિશ્વની સૌથી મોટી ખાતર ઉત્પાદક સહકારી સંસ્થા ઈફ્કોના ચેરમેનશ્રી દિલીપભાઈ સંઘાણી સાથે મૂલાકાત કરી સહકારીતાને વધુ મજબૂત કરવા વૈચારિક આપલે કરી હતી.

આ મુલાકાત દરમ્યાન ભારતના સહકાર ક્ષેત્રને માનનીય અમિતભાઈ શાહના માર્ગદર્શન હેઠળ વધુ ઉંચાઈએ લઈ જવા પરસ્પર સહયોગ રાખી પશુપાલકો અને ખેડૂતોના આર્થિક સશક્તિકરણ, કૃષિ મૂલ્યવર્ધન તેમજ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના આત્મનિર્ભર ભારતના સંકલ્પને સાકાર કરવામાં સહકારી સંસ્થાઓની મહત્વપુર્ણ ભૂમિકા અંગે વિચાર વિમર્શ કરવામાં આવ્યો હતો.



# જાગૃત પશુપાલક, સુરક્ષિત પશુધન !

## દૂધસાગરના ડૉક્ટરની ડાયરી

દૂધસાગરના સાથી પશુપાલક મિત્રો,

આ લખાય છે ત્યારે સમગ્ર ગુજરાતમાં અનેક જગ્યાએ ભારે વરસાદ પડી રહ્યો છે. અલનિનો ની અસર કહો કે બદલાયેલું ઋતુચક્ર - ક્યારેક વરસાદ બિલકુલ બંધ થઈ જાય છે તો, ક્યારેક થોડા સમયમાં એક સાથે - એક જગ્યાએ ભરપુર માત્રામાં વરસાદ ત્રાટકે છે ! તાજેતરમાં દક્ષિણ ગુજરાતના વલસાડ વિસ્તારમાં થોડાક સમયની અંદર ત્રાટકેલો 50 ઈંચ વરસાદ તેનું ઉદાહરણ છે. આપણા દૂધસાગર ડેરીના કાર્યક્ષેત્રમાં પણ ભારે વરસાદની આગાહી વચ્ચે પશુપાલકો અને તેમનું પશુધન સુરક્ષિત રહે તે ખૂબ જરુરી છે. ત્યારે સુરક્ષાની થોડીક પ્રાથમિક બાબતો જાણી લેવી જરુરી છે. વાવાઝોડું કે ભારે વરસાદ ચાલુ હોય તેવા કટોકટીના સમય પશુઓને ખીલે બાંધી રાખવા નહીં (જેથી તેઓ પૂર કે મુશ્કેલીના સમયે જાતે બચી શકે), પશુધનને વીજળીના થાંભલા પાસે કે તેની સાથે ક્યારેય ન બાંધવા જોઈએ, પશુઓને વરસાદ કે વાવાઝોડા દરમ્યાન મોટા ઝાડ, નબળા છાપરાં, જર્જરીત રહેઠાણ કે કાચી દિવાલ નજીક રાખવા કે બાંધવા ના જોઈએ, પૂર દરમ્યાન પશુઓને તરત જ ઉંચા અને સુરક્ષિત સ્થળે ખસેડી લેવા જોઈએ, વરસાદ દરમ્યાન પશુઓને પીવા માટે સ્વચ્છ અને શુદ્ધ પાણી સાથે ભીનો, સડી ગયેલો અથવા પૂરના પાણીમાં પલળેલો ચારો ના ખવડાવવો જોઈએ. પશુઓને વરસાદ અને ઠંડીથી બચાવવા કામચલાઉ શેડ અથવા આશ્રયની વ્યવસ્થા તૈયાર રાખવી જોઈએ, બીમાર-ઈજાગ્રસ્ત અથવા નબળા પશુઓને અન્ય પશુઓથી અલગ રાખવા જોઈએ, સાપ - વીંછી તથા અન્ય ઝેરી જીવજંતુઓથી પશુઓનું રક્ષણ કરવું જોઈએ, પશુઓમાં તાવ - ઝાડા - ખોરાક ન લેવો - શ્વાસમાં તકલીફ જેવા લક્ષણો જણાય તો તરત જ દૂધસાગર ડેરીના વેટરનરી વિભાગનો સંપર્ક કરવો જોઈએ. ગામમાં ચોમાસાની ઋતુ દરમ્યાન કોઈ ચેપી રોગચાળો દેખાય તો તરત જ ડેરીના વેટરનરી વિભાગને તેની જાણ કરવી જોઈએ જેથી ઘણા બધા પશુઓને સંક્રમિત થતાં બચાવી શકાય. વરસાદની ઋતુમાં સોશિયલ મિડીયામાં આવતા સમાચારોની ટીવી, રેડિયો અને સરકારી સુચનાઓથી ખરા છે કે નહીં ? તેની ખાતરી કરીને જ સાચા સમાચાર જાણવા જોઈએ અને અફવાઓથી દૂર રહેવું જોઈએ. આ ઋતુ દરમ્યાન તમારા વિસ્તારમાં સેવા આપતા દૂધસાગર ડેરીના પશુ ચિકિત્સકોના ફોન નંબર અગાઉથી જ સાથે રાખવા જોઈએ. આપત્તિ સમય માટે સૂકા ચારા અને સ્વચ્છ પાણીનો અગાઉથી જ સંગ્રહ કરી લેવો જોઈએ. યાદ રાખો, ચોમાસાનો વરસાદ ખેડૂત અને પશુપાલક માટે તથા સમગ્ર જીવસૃષ્ટિ માટે પ્રભુનો પ્રસાદ છે પણ અતિશય વરસાદ સમયે આપણી જાગૃતિ અને સતર્કતા ખૂબ જરુરી છે.

# ભારતના સહકાર મંત્રાલયને 5 વર્ષ પૂર્ણ થતાં નવી દિલ્હી ખાતે ભવ્ય કાર્યક્રમ યોજાયો






તા. ૬ જુલાઈના રોજ ભારતના સહકાર મંત્રાલયની સ્થાપનાને પાંચ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે કેન્દ્રિય ગૃહ અને સહકારીતા મંત્રીશ્રી અમિતભાઈ શાહના અધ્યક્ષ સ્થાને યોજાયેલ એક ભવ્ય કાર્યક્રમમાં અમૂલ અને દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી અશોકભાઈ ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે શ્રી અમિતભાઈ શાહ સાહેબે દેશભરના સહકારી આગેવાનો સાથે સંવાદ કરી અને ર૩ર અન્નભંડાર ગાડાઉનોનું લોકાર્પણ અને શિલાન્યાસ સાથે ડેરી સહકારી મંડળીઓ માટે મૉડેલ બાય - લૉઝનું લોકાર્પણ કરી, સહકારી બેન્કો માટે "સહકાર CBS" અને "સહકાર સહયોગી" જેવી ડિજીટલ સેવાઓનો શુભારંભ તેમજ BBSSL ની ટિશ્યૂ કલ્ચર સુવિધાઓનું શિલાન્યાસ કર્યું હતું. આ કાર્યક્રમમાં દેશભરના સહકારી ક્ષેત્રના આગેવાનો, પ્રતિનિધીઓ, પશુપાલકો અને ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

